# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૮/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 2315 તારીખ : 25-3-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
સોમનાથ રેસીડન્સી પ્રાઇવેટ લીમીટેડ.
C/O હોટેલ લોર્ડ્સ ઇન સોમનાથ વેરાવળ ઉના બાય-પાસ પ્રભાસ-પાટણ ,
મું. પો. : પ્રભાસ-પાટણ , તા. : વેરાવળ , જી. : ગીર-સોમનાથ ,
મોબાઈલ : ૮૮૬૬૦૦૦૦૦૦

વિષય : એચ.ટી વીજ જોડાણમાં લોડ ઘટાડાની અરજી અંગે..

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. નીલ.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૪૮/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ.

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર.
પ.ગુ વી ક.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જુનાગઢ.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વેરાવળ.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં - ૨ ૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પ્રભાસપાટણ.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૮/કવા–૦૪/૧૮–૧૯/** 2315 **તા.** 25-3-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG- ૪૮/કવા–૦૪/૧૮–૧૯**

અરજદાર: સોમનાથ રેસીડન્સી પ્રા લી. ગામ: પ્રભાસ-પાટણ

રજૂઆત કરનાર:અરજદાર સોમનાથ રેસીડન્સી પ્રા લી. ના પ્રતિનીધી તરીકે અરૂણકુમાર વેણીલાલ ત્રીવેદી હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ,માંગરોલ

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર પી.જી.જોષી હાજર રહેલ છે.

## :: ફોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ., વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: ૧૯/૦૩/૨૦૧૯

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯/૦૨/૨૦૧૯ ના રોજ નક્કી કરવામાં આવેલ. જેથી તા. ૧૯/૦૩/૨૦૧૯ ના રોજ સુનાવણી કરવામાં આવેલ.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર સોમનાથ રેસીડન્સી પ્રાઇવેટ લીમીટેડ. ગામ: પ્રભાસ-પાટણ તેઓની અરજી ના નોંધણી નંબર :૪૮/કવા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓ ૨૭૫ કેવીએનુ એચ.ટી. વીજજોડાણ ગ્રાહક નં.–૨૧૪૮૫ થી ધરાવે છે. જેમા ૯૦ કેવીએનો વીજભાર ઘટાડો કરવા – વિભાગીય કચેરી, વેરાવળ મા જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ જોડી અને સદર બાબતે સામેવાળા દ્વારા – રજીસ્ટ્રેશન કરવા માટે અરજી કરતા રૂબરૂ જણાવેલ કે – સદર ફાઈલ ઓડિટ ઓબ્જેક્શન મા હોય – (૧) બધા ડાયરેક્ટર્સ ના પાનકાર્ડ અને આધારકાર્ડ (૨) લેન્ડ ડોક્યુમેન્ટ નથી. (૩) ડોક્યુમેન્ટ ની ખરી નકલ કરેલ નથી. (૪) હોટલનુ લાયસન્સ જોડેલ નથી (૫) રૂ.૧૦૦/– નાસ્ટેમ્પપેપર એડ્રેસ પ્રુફ નથી. (૬) છેલ્લા કરારનામા ની નકલ જોડેલ નથી.

૨.૧ સદર બાબતે લેખીત આપવાની માંગણી કરેલ – તેમ છતા સદર ઓડિટ ઓબ્જેક્શન લેખીત મા અપાયેલ નથી. સપ્લાય કોડ – ૨૦૧૫ – મુદ્દા નં. – ૪.૮૮ મુજબ – અરજદારે ઓડિટ ઓબ્જેક્શન મા દર્શાવ્યા મુજબ ના કોઈ પણ દસ્તાવેજીક પેપર્સ રજુ કરવાના થતા નથી. તેમજ મુદ્દા નં. – ૪.૮૮(૨) મુજબ– વીજભાર ઘટાડા માટે છેલ્લા ૦૬ માસ ના વીજબીલો રેકર્ડ એમ.ડી. ની વિગતો સ્ટેટમેન્ટ સહીત જમા કરાવેલ છે. સપ્લાય કોડ – ૨૦૧૫ પેરા નં. ૪.૮૮

મુજબ – દિવસ–૦૭ ની અંદર – તેઓની અરજી અંગે કોઈ નિર્ણય આવેલ નથી. જેથી – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, એચ.ટી. વીજજોડાણ ગ્રાહક નં.–૨૧૪૮૫ – મે. સોમનાથ રેસીડન્સી પ્રા લી .નામથી ૨૭૫ કેવીએ – તા.૩૦–૧૧–૧૦ થી ધરાવે છે.

૩.૧ અરજદાર દ્વારા તા.૨૨–૦૧–૧૯ ના રોજ સદર વીજજોડાણ મા વીજભાર ઘટાડા ૨૭૫ કેવીએ માથી ૧૮૫ કેવીએ કરવા માટે અરજી કરાયેલ છે.

૩.૨ જે અનુસંધાને – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા અરજદાર દ્વારા રજુ કરાયેલ આધાર–પુરાવા મુજબ બાઉન્ડ્રી મેપ જોડેલ ન હોય – અરજદાર ને તા.૧૮–૦૨–૧૯ થી ખુટતા આધાર–પુરાવા રજુ કરવા જણાવેલ.

૩.3 અરજદાર દ્વારા અને તા.૨૬–૦૨–૧૯ ના રોજ જરૂરી ખુટતા આધાર–પુરાવા રજુ થતા– તા.૨૬–૦૨–૧૯ ના રોજ અરજી ની નોંધણી કરાયેલ. જે અન્વયે પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા જરૂરી વીજસ્થાપન ચકાસણી – ચેકીંગ શીટ નં. ૨૭૧૩ તા.૦૨–૦૩–૧૯ ના રોજ કરાયેલ. તેમજ અરજદાર ના વીજભાર ઘટાડા ની અરજી ની મંજુરી તા. ૧૬–૦૩–૧૯ થી મળતા – વીજભાર ઘટાડા ની અસર વીજબીલ માહે માર્ચ–૧૯ માં લાગુ પડાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ - ૨.૧ અને પેરા નં ૩.૦ થી ૩.૩ અન્વયે વેરાવળ તાલુકાના પ્રભાસ પાટણ ગામે– મે.સોમનાથ રેસીડન્સી પ્રા લી. નામથી ૨૭૫ કેવીએનુ એચ.ટી. વીજજોડાણ ગ્રાહક નં.–૨૧૪૮૫ થી અપાયેલ છે. સદર કેઈસ મા, અરજદાર ના પ્રતિનીધી ની રજુઆત મુજબ – ૨૭૫ કેવીએ માથી ૯૦ કેવીએ નો વીજભાર ઘટાડો કરવા માટે તેઓ તા.૨૨–૦૧–૧૯ ના રોજ રજીસ્ટ્રેશન કરવામા આવેલ. વિભાગીય કચેરી વેરાવળ ની રૂબરૂ મુલાકાત દરમ્યાન ઉપસ્થિત રેવન્યુ અધિકારી દ્વારા બીન જરૂરી રીતે નીચે મુજબ ના દસ્તાવેજીક પેપર્સ આપવા માટે મૌખીક જાણકારી આપેલ હતી.

(૧) બધા ડાયરેકટર્સ ના પાનકાર્ડ અને આધારકાર્ડ
(૨) જમીનના ડોકયુમેન્ટ ની નકલ
(૩) ડોકયુમેન્ટ ની ખરી નકલ
(૪) હોટલનુ લાયસન્સ
(૫) રૂ.૧૦૦/– ના સ્ટેમ્પપેપર એડ્રેસ પ્રુફ
(૬) છેલ્લા કરારનામા ની નકલ

અરજદાર ની ફરીયાદ મુજબ – ઉપરોકત દસ્તાવેજીક પેપર્સ સાથે વીજભાર ઘટાડા ની અરજી કરવા માટે – જે તે સમયે રેવન્યુ અધિકારી દ્વારા મૌખીક જાણકારી આપેલ હતી – પણ લેખીત જાણકારી અપાયેલ ન હતી.

૪.૨ ફોરમના મંતવ્ય મુજબ – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૮૮ ના પેટા મુદદા નં. (૧) અને (૨) મા કરાયેલ જોગવાઈ નીચે મુજબ છે.

" The applicant shall apply for load reduction to the licensee in the format prescribed in Annexure I or II (as applicable) to this Code, along with the following documents: (l) Details of alteration/modificatior/removal of electrical installation with work completion certificate and test report from a Licensed Electrical Contractor where alteration of installation is involved. (2) Any other reason(s) for reduction of contract demand. "

૪.૩ અરજદાર દ્વારા સદર જોડાણ મા ૨૭૫ કેવીએ માથી ૧૮૫ કેવીએ કરવા માટે – એટલેકે ૯૦ કેવીએના વીજભાર ઘટાડો કરવા માટે તા.૨૨–૦૧–૧૯ ના રોજ પીજીવીસીએલ ની સબંધક કચેરીમાં અરજી અપાયેલ હતી. જે તા.૨૬–૦૨–૧૯ થી રજીસ્ટર કરાયેલ. જે અન્વયે –પીજીવીસીએલ ના અધિકારી દ્વારા તા.૦૨–૦૩–૧૯ ના રોજ વીજ પ્રસ્થાપનનુ ચેકીંગ

કરાયેલ છે , અને વર્તુળ કચેરી ને તા.૦૭–૦૩–૧૯ ના રોજ વીજભાર ઘટાડા ની દરખાસ્ત મુકાયેલ – જે અંગે વર્તુળ કચેરી દ્વારા તા.૧૬–૦૩–૧૯ ના રોજ વીજભાર ઘટાડા ની મંજુરી અપાયેલ છે.

૪.૪ વિભાગીય કચેરી ના રીપોર્ટ મુજબ – સદર વીજભાર ઘટાડા માટે તા.૦૧–૦૩–૧૯ થી વીજભાર ઘટાડા ની મંજુરી અપાયેલ છે. નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૪.૮૮ મા કરાયેલ જોગવાઈ મુજબ – અરજદાર દ્વારા તાત્કાલીક અસરથી ટેસ્ટ રીપોર્ટ રજુ કરવો. તેમજ વર્તુળ કચેરી ની મંજુરી મુજબ – તા.૦૧–૦૩–૧૯ ની અસરથી – વીજભાર ઘટાડો અમલમાં આવે તે મુજબ બીલીંગ કરવાનો હુકમ કરવામા આવે છે.

૪.૫ આમ, ઉપરોક્ત મુદદા નં.૪.૪ મુજબ ની વિગતે કેસ ને ફેસલ કરાયેલ છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન. ડી. ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(જે.બી.પારેખ)
ચેરપર્સન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધઃ

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામુંઃ વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯